

## બનાસકાંઠાના N.H.M.ના કર્મીઓ હડતાલ પર

બનાસકાંઠા જિલ્લાના લઘુતમ વેતન અને સમાન કામની માંગને લઈને કરાર આધારિત N.H.M. અને R.C.H. ના કર્મીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા. આ હડતાળમાં ઈષ્ઠરના ડોકટર અને પ્રોગામ ઓફિસર સહિતના કર્મીઓ પણ હડતાલ પર ઉતર્યા છે. ૩૦૦ જેટલા કર્મીઓ હડતાલ પર જતાં જીલ્લામાં આરોગ્ય સેવા ખોરવાઈ હોવાના અહેવાલ મળ્યા છે. N.H.M. અને R.C.H. કરાર આધારિત કર્મીઓ હડતાલ પર ગયા હતા. તેઓએ પોતાના થતા શોષણ સામે આવાજ ઉઠાવતા સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યો હતો. આ કર્મચારીઓએ પોતાની ન્યાયી માંગણીઓ સત્વરે સંતોષવાની માંગ કરી હતી.

## ઈડર અને હિંમતનગરમાં ૩૪.૧૯ લાખના ખર્ચે નવિન પાણીના નવા સ્ત્રોત ઉભા કરાશે

સાબરકાંઠા જિલ્લાના ઈડર અને હિંમતનગર તાલુકાના ગામડાઓમાં પીવાના પાણી મળી રહે તે માટેના આયોજન અંગેની એક બેઠક જિલ્લા કલેકટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. સાબરકાંઠા નર્મદાના નીર થકી પીવાના તેમજ સિંચાઈના પાણી ખેડૂતો તથા લોકોને મળી રહ્યા છે. ત્યારે હિંમતનગર અને ઈડર તાલુકાના ગામોમાં પીવાના પાણીની અછત ન વર્તાય તે હેતુથી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ ધ્વારા લોકોને પાણી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# રાજ્ય સરકાર દ્વારા મગફળીના ટેકાના ભાવ ૯૦૦ કરતાં ખેડૂતોમાં ખૂશીનો માહોલ

## અરવલ્લી-સાબરકાંઠામાં ખેડૂતો કપાસનું મબલખ ઉત્પાદન કરે છે અને તેમાં જ ભાવ મળતા નથી

મોડાસા, તા.૨૬

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ મગફળીના ટેકાના ભાવમાં એક મણે રૂ. ૯૦૦ની ટેકાના ભાવની જાહેરાતને સમગ્ર ખેડૂત આલમે આવકારીને આનંદની લાગણી વ્યક્ત કરી છે, ભલે ચૂંટણીલક્ષી પણ મગફળીના ટેકાના સારા ભાવ જાહેર કર્યા તે સરાહનીય પગલું છે તેમ કહી આ જ રીતે સરકાર કપાસના ભાવ પણ એક મણના ૧૪૦૦ થી ૧૫૦૦ જાહેર કરે તેવી પણ માંગ પણ કપાસ પકવતા ખેડૂતોએ ઉઠાવી છે.

અરવલ્લી-સાબરકાંઠામાં જિલ્લામાં કપાસનું મોટું વાવેતર થાય છે અને કપાળ પકવવામાં જંતુનાશક દવાઓ, ખાતરો, સિંચાઈ અને મજૂરી પછી પકવેલો કપાસ પાણીના મૂલે વેચવો પડતો હોઈ ખેડૂતને લાખના બાર હજાર જેવો ઘાટ થાય છે અને ધરતીપુત્રો બજારે બરબાદ થાય છે, આ સ્થિતિ અસહ્ય છે ત્યારે કપાસના ટેકાના ભાવ ૧૪૦૦ થી ૧૫૦૦ સુધીના જાહેર કરવામાં આવે તો જ પાલવે તેમ છે.

મોટકોટડાના કિસાનો કેશુભાઈ પી.પટેલ,ચતુરસિંહ આર. ઠાકોર, ચિત્રોડાના મોહનભાઈ જીવાભાઈ પટેલ, રુવચના સાંજાભાઈ છગનભાઈ અને જેસિંગજી ચૌહાણે જણાવ્યું કે રાજ્યમાં ૧૦૬ કેન્દ્રો મજૂર કર્યા છે તેમાં આ બે જિલ્લા અરવલ્લી-સાબરકાંઠામાં પણ પૂરતા કેન્દ્રો ફાળવી સમયસર મગફળી ખરીદવામાં આવે તેવી વ્યવસ્થા પણ જરૂરી છે.

કપાસમાં પણ બજારે ખેડૂતોને વેપારીઓ લૂંટે છે જેથી જેથી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે તેના ટેકાના ભાવ ૧૪૦૦થી ૧૫૦૦સુધી જાહેર કરવામાં આવે અને આત્મવિલોપન સુધી મજબુર થનાર ખેડૂતોને બચાવી લેવામાં આવે તેવી લાગણી પણ આ ખેડૂતોએ ઉઠાવી છે. આ બન્ને જિલ્લાઓમાં કપાસ અને રાજ્યમાંપ્રથમ નબરનુંકોટન ઉત્પાદન થાય છે ત્યારે કપાસ પકવનારને પોષણક્ષમ ભાવ આપવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

# ઊંઝા વિસ્તારમાં ચોરી-લૂંટના ગુન્હાઓ વધ્યા

ઊંઝા, તા. ૨૬

ઊંઝા વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધી જતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા નજીકના મક્તુપુર ગામે નિલકંઠ વિદ્યાલયના પટાંગણમાં આવેલ સિંડીકેટ બેંકમાં મધરાત બાદ કોઈ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ બેંકના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ બેંકની અંદર એટીએમ મશીન તથા રોકડ રકમ રાખવાની લોખંડની તિજોરી તોડવાની કોશિશ કરી રૂપિયા એક લાખનું નુકશાન કર્યું હતું. કહે છે કે તસ્કરોએ રાત્રિના સમયે વિદ્યાલયના પટાંગણમાં દેખરેખનું કામ કરતા એક વૃદ્ધ વ્યક્તિને તીક્ષ્ણ હથિયારની અણીએ ડરાવી ધમકાવી તેમને બંધક બનાવી દીધા હતા. ત્યારબાદ સિંડીકેટ બેંકમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે બેંકના મેનેજર ગૌરવકુમાર નવનીતભાઈ ગુપ્તાએ ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરી અને જાહેર મિલકતને નુકસાન કરવા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા કિસ્સામાં ઊંઝા ખાતે વિસનગર રોડ પર રૂસાતનગરની સામે આવેલ અંબેનગર સોસાયટીમાં રહેતા હિમાંશુ ડાહ્યાલાલ પટેલ બપોરના સમયે ઘેર જમવા માટે આવ્યા હતા ત્યારે તેમણે ઘરની બહાર ખુલ્લી જગ્યામાં પોતાનુ એક્ટીવા પાર્ક કર્યુ હતુ. જેની ધોળા દિવસે કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ એક્ટીવાની કિંમત રૂપિયા ૨૫૦૦૦ની થવા જાય છે. આ અંગે મોડેથી ફરિયાદ થતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

વેપારીમથક ઊંઝા શહેર અને તેની આસપાસના ગામોમાં મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓના વધતા જતા પ્રમાણને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ જનમાનસમાં ઉભી થઈ છે. વધુમાં આ વિસ્તારમાં દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયો હોવાનું કહેવાય છે. આ પંથકમાં જાણે પોલીસતંત્ર જેવું કશું જ ન હોય તેવી સ્થિતિ પેદા થતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. કહે છે કે તગડા હપ્તાઓની લાલચે પોલીસ તરફથી કોઈ જ અસરકારક કડક પગલાં ભરાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.



## અરવલ્લી જિલ્લાનું ગૌરવ

અરવલ્લીના મોડાસાના જાણીતા બિલ્ડર-સામાજિક કાર્યકર કમલેશભાઈ હોટેલના ચિ.પુત્ર હિલન પીડીપીયુ યુનિવર્સિટી ગાંધીનગરમાં પ્રથમ આવતા મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી અને મુકેશભાઈ અબાંણીના વરદ હસ્તે તેને સીવીલ એન્જીનીયરીંગની માસ્ટર ડીગ્રી પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ ગૌરવ બદલ હિલન અને તેના પિતા કમલેશભાઈને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



## કોંગ્રેસના મોડાસાના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાયા

અરવલ્લી જિલ્લાના મોડાસાના વતની અને મોડાસાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મહેન્દ્રસિંહ રહેવર આજરોજ મોડાસા ખાતે કોંગ્રેસને રામ રામ કરીને ભાજપમાં જોડાઈ જતા. જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ખેસ પહેરાવી તેમને તથા સરડોઈના સરપંચ અનિલસિંહ રહેવરને ભાજપમાં આવકાર્યા હતા.

# કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલના વિદાય સમારોહ યોજાયો

મોડાસા, તા. ૨૬

તાજેતરમાં કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલમાં વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા સુપરવાઈઝર પ્રકાશભાઈ એસ. સુથાર તથા સીનીયર ક્લાર્ક રામજીભાઈ એમ. વરસાતનો નિવૃત્ત વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં સમારંભ અધ્યક્ષપદે બિપીનભાઈ શાહ, અતિથિવિશેષપદે આર.ડી. ઉપાધ્યાય (પૂર્વ શિક્ષિકા) તેમજ પ્રભારીમંત્રી પંકજભાઈ બુટાલા, કે.કે. શાહ, કે.સી. શાહ (ઉપપ્રમુખ) કે.એમ. શાહ, કે.બી. પટેલ (મંત્રીઓ) તેમજ શાળાનો સંપૂર્ણ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રસંગે પ્રાર્થનાગીત પી.ડી. બારોટ તથા બાલિકાઓ દ્વારા રજૂ થયું હતું. શાળાના આચાર્ય એમ.આઈ. જોષી તથા કે.બી. ચાવડાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. વિદાય લઈ રહેલા પી.એસ. સુથાર અને આર.એમ. વરસાતને રોકડ રકમ, શ્રીફળ તેમજ શાલ, સન્માનપત્ર દ્વારા સન્માનવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કનુભાઈ આર. ખાંટ તથા એસ.આર. પટેલે કર્યું હતું. સમારંભને સફળ બનાવવા સ્ટાફમંત્રી જે.કે. પટેલ, કારોબારી સભ્યો એમ.બી. પટેલ, જે.પી. મિસ્ત્રી, એમ.એન. રહેવર, શાન્તાબેન, એન.આર. વણકર, એ.એન. રોત તેમજ અન્ય સ્ટાફમિત્રોનો ફાળો અનન્ય રહ્યો હતો. મંચસ્થ મહાનુભાવોએ વિદાય લઈ રહેલા કર્મીઓની દીર્ઘકાલિન સુંદર સેવાઓને બિરદાવી હત. આજે તેમનું શેષ જીવન દીર્ઘાયુ નિરામય રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં અનોખા ગરબા

## ‘વિકાસ ગાંડો થયો’ અને ‘મારા હાળા છેતરી ગયા’ના બેનર લાગતા ચકચાર : ‘નોટબંધીના તાયફાથી ચોર શાહુકાર બની ગયો-જી.એસ.ટી. ના તાયફાથી વેપારી પાયમાલ થઇ ગયો’





મા આદ્યશક્તિની ભક્તિ-શક્તિ અને આરાધનાનું નવલા નવરાત્રી નું પર્વ ધૂમ મચાવી રહ્યું છે. ત્યારે નવરાત્રિ પર્વ દરમિયાન પાલનપુર ના ગણેશપુરા વિસ્તારમાં ‘વિકાસ ગાંડો થયો’ના બેનર લાગતા શાસક પક્ષ ભાજપની ઊંઘ હરામ થઈ જવાની સાથે ચકચાર મચી જવા પામી હતી.

વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે નવરાત્રિ પર્વ માં પણ તેની છાંટ જોવા મળી રહી છે. પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં નવરાત્રિ દરમિયાન ચાચર ચોકની આસપાસમાં અનોખા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં ગણેશપુરાની યાતના સહિત આમ આદમીની વેદના વર્ણવતા ‘નોટબંધીના તાયફાથી ચોર શાહુકાર બની ગયો... અને ... જી.એસ.ટી.ના તાયફાથી વેપારી પાયમાલ થઈ ગયો’ અને ‘વિકાસ ગાંડો થયો’ ની સાથે ‘મારા હાળા છેતરી ગયા’ના બેનરો લાગતા ચકચાર મચી જવા પામી છે.

પાટીદારોનું પ્રભુત્વ ધરાવતા અને એક સમયે ભાજપનો ગઢ ગણાતા ગણેશપુરા વિસ્તારમાં આવા બેનરો લાગતા ભાજપની ચિંતામાં વધારો થયો છે.

# “સ્વચ્છતા એ જ સેવા”નો મંત્ર ઘેર ઘેર પહોંચાડવા આયોજન

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ ધ્વારા ૧૫ સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર ૨૦૧૭ દરમ્યાન “સ્વચ્છતા એજ સેવા” અભિયાનનો પ્રારંભ કરવામાં આવેલ છે.

જિલ્લા કલેક્ટર પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષ વ્યાસ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીની સૂચના અને માર્ગદર્શન અનુસાર સાબરકાંઠા જિલ્લામાં “સ્વચ્છતા એજ સેવા”નો મંત્ર ઘેર ઘેર સુધી પહોંચાડવા અને સ્વચ્છતા માટે વિવિધ પગલાં લઈ સ્વયં પરિશ્રમ કરીને લોકો તેમાં ભાગીદાર બને તે રીતે આયોજન કરવામાં આવેલુ છે. આ અભિયાનમાં અન્ય વિભાગો જેવા કે આઈ.સી.ડી.એસ., શિક્ષણ, પંચાયત, ડી.આર.ડી.એ. વગેરે પણ જોડાવાના છે. આ અભિયાનના પ્રારંભમાં તા. ૨૫-૯-૧૭ના રોજ તમામ શાળાઓ, આરોગ્ય કચેરીઓ, ગ્રામ પંચાયત ખાતે સવારે ૧૧ કલાકે સામૂહિક “સ્વચ્છતા હી સેવા”ના સોગંધ લેવામાં આવેલ હતા. આ ઉપરાંત શાળા કક્ષાએ સ્વચ્છતા બાબતે ચિત્રસ્પર્ધાનું આયોજન, સ્વચ્છ રીતે હાથ ધોવાની પદ્ધરતી નું નિદર્શન, વૃક્ષારોપણ, ગ્રામ સંજીવની સમિતિ, રોગીકલ્યાણ સમિતિની મીટીંગનું પણ આયોજન કરવામાં આવેલુ હતું. તા. ૨૫-૯-૧૭ના રોજ તમામ આરોગ્ય સંસ્થાઓની મુલાકાત લઈ સ્વચ્છતા ચેકલીસ્ટ પણ ભરવામાં આવેલ હતું.

આ અભિયાન દરમ્યાન તમામ ગામોમાં લોકોને શૌચાલયના ઉપયોગ માટે જાગૃત કરવા, શ્રમદાન થકી સાર્વજનિક સ્થળોની સાફસફાઈ, સગર્ભા માતાઓ અને તરૂણીઓની સ્વચ્છતા બાબતે ચિત્ર સ્પર્ધા, શ્રમદાન થકી પોરાનાશક કામગીરી, સંસ્થાઓની સાફસફાઈ, સ્વચ્છતા રેલી, ટોબેકો ફ્રી સંસ્થા, ડાયાબીટીસ, હાઈ બીપી, સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર વિષે જાગૃતતા, સગર્ભાવસ્થામાં યોગ અને પ્રાણાયામનું મહત્વ સમજાવીને તપોવનની ઉજવણી, કાયાકલ્પ અંતર્ગત તમામ આરોગ્ય સંસ્થાઓનું ઈન્ટર્નલ એસેસમેન્ટ વગેરે પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવનાર છે.



## ખેડબ્રહ્માના જગમેર નજીક બસ અને બુલેટ વચ્ચે અકસ્માત

ખેડબ્રહ્માના જગમેરકંપા નજીક ખેડબ્રહ્મા, અંબાઈગાઢા તરફ જતી બસે ખેડબ્રહ્મા આવતા બુલેટ ચાલકને સામેથી ટક્કર મારતા ચાલકને ઈજા પહોંચી હતી. જેને ખાનગી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. જ્યારે બસને નુકસાન થવા હોવા છતાં એસટીતંત્રએ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

# બાયડ ખાતે જાગૃતિ શિબિર અને બાળલગ્નો નાબુદી અભિયાન સંમેલન યોજાયું

બાયડ, તા. ૨૬

બાયડના વારણે આશ્રમ શાળા હોલ ખાતે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ગાંધીનગર અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સંયુક્ત ઉપક્રમે બાયડ ખાતે સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં નિગમ દ્વારા જે શિક્ષિત આર્થિક સામાજિક અને શૈક્ષણિક માટે નંદાજી ઠાકોરે જણાવ્યું હતું કે સમાજના કુરિવાજો જેવી કે વ્યસનમુક્તિ, બાળલગ્નો અટકાવવા તેમજ આ સમાજને શિક્ષણની અછત છે. શિક્ષણ મેળવવા તેમજ નિગમ દ્વારા મળતી સહાયનો લાભ લેવા ઠાકોર અને કોળી સમાજનો ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. ગુજરાત ઠાકોર અને કોળી સમાજના સંમેલનમાં ભાવિન પટેલ ઉપસચિવ, અને મેનેજિંગ ડીરેક્ટર ગાંધીનગર, મેનેજિંગ ડીરેક્ટર જશવંત ગાંધી, અધ્યક્ષ નંદાજી ઠાકોર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ ડીરેક્ટર ભુપતસિંહ યુ. સોલંકી તેમજ આજુબાજુ ઠાકોર સમાજના આગેવાનો આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.



## ડીસા શહેરના ગવાડીથી રાજપુર જતા વ્હેળામાં ગંદકીના ઢગ

ડીસા શહેરના ગવાડીથી રાજપુર જતા વ્હોળા વિસ્તારમાં બીનઅધિકૃત રીતે કતલખાના ચલાવતા શખ્સો દ્વારા આડેધડ રીતે ફેંકવામાં આવતા માસના કચરાથી તીવ્ર બદબુ વચ્ચે રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાતી હોવા છતાં સ્થાનિક પાલિકા તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી થતી ના હોઈ સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ મામલે વારંવાર તંત્ર સમક્ષ રજુઆતો કરવા છતાં કોઈ જ કાર્યવાહી ન થતા અકળાઈ ઉઠેલા આ વિસ્તારના રહીશોએ આ સમસ્યાનું સમાધાન ના થાય તો આત્મ વિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે.ડીસા શહેરમાં ડેન્ગ્યું, મલેરિયા અને સ્વાઈન ફ્લુ જેવી બીમારીઓના કિસ્સાઓ વધી રહ્યા છે.રોગચાળો માથું ઊંચકે ત્યારબાદ તંત્ર દોડતું થતુ હોય છે.. પરંતુ આવી બીમારીઓને ફેલાતી અટકાવવા માટે તંત્ર દ્વારા કોઈ પ્રાથમિક કામગીરી કરવામાં આવતી નથી. ડીસા શહેર અને રાજપુર વિસ્તારને જોડતા માર્ગની હાલની દુર્દશા પણ પાલિકા તંત્રની આવી જ નઘરોળતાની પ્રતીતિ કરાવી રહી છે. ડીસા શહેર અને રાજપુરને જોડતા વ્હોળા વિસ્તારમાંથી પસાર થતા જાહેર માર્ગ પર મહદઅંશે બીનઅધિકૃત રીતે ચાલી રહેલા કતલખાનાના સંચાલકો દ્વારા પશુઓના માસનો કચરો અહીંથી પસાર થતા નાળામાં ફેંકી દેવાતો હોઈ આ વિસ્તાર અત્યારે માથું ફાડી નાખે તેવી તીવ્ર બદબુથી ગંધાઈ ઉઠ્યો છે. જેથી સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.. આ વિસ્તારમાં આડેધડ રીતે ફેંકી દેવાતા માસના ટુકડા કોહવાઈ જતા પ્રસરી રહેલી તીવ્ર દુર્ગંધના લીધે આ વિસ્તારના રહીશોને અહી રહેવું પણ દુસ્કર થઈ ગયું છે.સ્થાનીક લોકો આ વિસ્તારમાં કતલખાના ચલાવતા શખ્સોને કહેવા જાય છે ત્યારે આ વિસ્તારના શ્રમજીવી પરિવારોને કતલખાનાના સંચાલકો ધાક ધમકીઓ આપતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે સ્થાનિક લોકોએ ડીસા નગરપાલિકામાં પણ વારંવાર રજુઆતો કરી હોવા છતાં તેનું કોઈ જ નિરાકરણ આવ્યું નથી.. ત્યારે આખરે આ વિસ્તારના રહીશોએ આજે કંટાળીને ડીસાના નાયબ કલેકટરને આવેદનપત્ર સુપરત કરી તેમની આ સમસ્યાનું સમાધાન ન થાય તો આત્મ વિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.